રજુ કર્યા તારીખ : ૧/૯/૨૦૧૮
નોંધણી કર્યા તારીખ:૨૭/૨/૨૦૧૯
નિર્ણય કર્યા તારીખ:૨૫/૮/૨૦૨૨
સમયગાળો: વર્ષ, માસ, દિવસ

---

**અમદાવાદના મે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં**

---

**ક્રિ.કેસ નં.૧૬૭૯૩/૨૦૧૯**

**આંક:-૧૨**

ફરીયાદી:- સ ર કા ર

વિરુધ્ધ

તો.દાર:- ૧ પંકજભાઈ ગણપતભાઈ હડીયલ,

૨ દિપક ઉર્ફે સીપી ભરતભાઈ પરમાર,

૩ રવિકુમાર વિજયભાઈ નાડીયા,
તમામ રહે.જમનાબેનની ચાલી,
કટારીયા શોરૂમની બાજુમાં,
દરીયાપુર દરવાજા બહાર,અમદાવાદ.

**ઈ.પી.કો.કલમ-૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨),૧૧૪ મુજબ.**

**ફરીયાદપક્ષ તરફે વિ.ઈ/ચા.એપીપીશ્રી**

**આરોપી તરફે વિ.વ.શ્રી એમ.જી.પરમાર**

**<u>ઠ રા વ</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે,તા.૧૪/૧/૨૦૧૮ ના રોજ કલાક ૧૩.૩૦ વાગે લક્ષ્મીચંદ ધાંચીની ચાલી ખાતે ફરીયાદી તથા સાહેદો ધાબા ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે આરોપીઓ ધાબા ઉપર આવીને જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલતા હોય, ફરીયાદી તથા સાહેદોએ ગંદી ગાળો કેમ આપો છો તેમ કહેતા, આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ જપાજપી નીચે પાડી દઈ ફરીયાદીને માથાના ભાગે ઈજા કરી સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોચાડી, આરોપીઓએ પોલીસ કાર્યવાહી કરશો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી,

આરોપીઓએ સમાન હેતુથી એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કો.ની કલમ– ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો કરેલ છે. જે અંગે માધવપુરા પોલીસ સ્ટેશન તરફથી તપાસને અંતે આરોપીઓ સામેનું ઉપરોકત ગુના સબબ ચાર્જસીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કો. કલમ – ૨૦૭ અન્વયે ધોરણસર ચાર્જસીટની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપીઓ સામે આંક.૨ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક.૩, ૪, ૫ થી પ્લી નોંધતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.જેથી મજકુર કામમાં ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે ફરીયાદી ચુનીલાલ જકશીજી ઠાકોરને આંક.૭ થી, સાહેદ ગોવિંદભાઈ પ્રતાપજી ઠાકોરને આંક.૧૦ થી તપાસવામાં આવેલ છે અને ફરીયાદીની જુબાની દરમ્યાન ફરીયાદ આંક.૮ થી રજુ રાખેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે વધુ કોઈ પુરાવો આપવા માંગતા નથી તે અંગેની પુરસીસ આંક.૧૧ થી રજુ રાખેલ છે.

(૪) બચાવ પક્ષે વિ.વકીલશ્રીએ પોલીસ સ્ટેશન ચાર્જ અમલદાર રીપોર્ટ ને આંકે પાડે પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તે મતલબનો શેરો કરી આપતા સદર દસ્તાવેજ ને આંક.૯ આપવામાં આવેલ છે.

(૫) આમ, સમગ્ર પુરાવો વાંચતા આરોપીઓ સામે પુરાવો ન હોઈ, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાનમાં લેતા મારા નીર્ણય માટે નીચે મુજબના નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુ દ્દા ઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે,તા.૧૪/૧/૨૦૧૮ ના કલાક ૧૩.૩૦ વાગે લક્ષ્મીચંદ ધાંચીની ચાલી ખાતે ફરીયાદી તથા સાહેદો ધાબા ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે આરોપીઓ ધાબા ઉપર આવીને જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલતા હોય, ફરીયાદી તથા સાહેદોએ ગંદી ગાળો કેમ આપો છો તેમ કહેતા, આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ જપાજપી નીચે પાડી દઈ ફરીયાદીને માથાના ભાગે ઈજા કરી સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોચાડી, આરોપીઓએ પોલીસ કાર્યવાહી કરશો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી, આરોપીઓએ સમાન હેતુથી એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કો.ની કલમ– ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**<u>કા ર ણો</u>**

(૮) સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદી તથા સાહેદની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા તેઓએ ફરીયાદ હકીકતને બીલકુલ સમર્થન કરેલ નથી અને પોતાની સરતપાસમાં પતંગ ચગાવવાની બાબતમાં બોલાચાલી થયેલ અને તેઓ નીચે પડી જવાથી સામાન્ય ઈજા થયેલ. જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં આરોપીઓ સાથે તેઓને ઘરેમેળે સમાધાન થઈ ગયેલ છે અને કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવેલ છે અને તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોના સમર્થનમાં ફરીયાદી કે અન્ય કોઈ સાહેદનું સમર્થન મળતું નથી જેથી ગુનાને સાંકળતી કડી પુરવાર થતી નથી.

ઉપરોકત સંજોગો, રજુ થયેલ પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે સાબીત કરવામાં સદંતર નીષ્ફળ ગયેલ હોઈ ઉપરોકત મુદ્દા નં.૧નો જવાબ "નકારમાં" આપી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

(૧). આરોપીઓને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ – ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આરોપીઓએ અપીલ પીરીયડ સુધીના જામીન આપવા.

ચુકાદો આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૫/૮/૨૦૨૨

(એચ.એસ.દવે)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૦૬૯૩